Reg. No. G-24365
ડૉ.અરમાન એમ. બાયડ B.H.M.S.
ફેમીલી ફીઝીશીયન એન્ડ સર્જન
+ બાયડ ક્લિનિક +
નાના બાળકોથી વૃધ્ધો સુધીના તમામ રોગોની સચોટ નિદાન અને સારવાર
મદીના નગર, મોટાપીર રોડ ચોકડી, ભુજ.
ફોન : ૯૯૦૯૨ ૨૬૨૫૫ - સમય : સવારે ૯ થી ૨, સાંજે ૫ થી ૯

સત્ય આવી ગયું અને અસત્ય નાશ પામ્યું (અલ-કુર્આન ૧૭ : ૮૧)

# ફારૂક FAROOQ

www.farooqsaptahik.com

25th YEAR

POSTAL REGN. No. G-KCH-146/2024-2026
Posting at BHUJ On Every FRIDAY • સાપ્તાહિક

એક અચ્છે દિન કી શુરૂઆત.... હુમા ચાય કી ચુસ્કી કે સાથ....
Hooma Tea
હુમા ચા
૧૦૦% નેચરલ સ્વાદ જે આપે તાજગીનો અહેસાસ
F.A. TRADING CO.
મુ. લુણી, તા. મુંદરા, જી. કચ્છ-૩૭૦૪૧૦. કસ્ટમર કેર નં. : ૮૨૩ ૮૨૩ ૭૫૧૫

RNI No. GUJ GUJ / 2000 / 2443 ★ Year - 25th ★ Issue - 19 ★ Jamadi ul Akhir - 3, H. 1446 ★ 6-DECEMBER-2024, Friday ★ Pages - 4 ★ Price – Rs. 3/- ★ Visit us at : Farooqsaptahik.com

વાર્ષિક લવાજમ – Rs. 150/- ★ 'ફારૂક' સાપ્તાહિક મેળવવા સંપર્ક કરો : ફારૂક કાર્યાલય, સુમરા ડેલી સામે, ભુજ–કચ્છ. ૩૭૦ ૦૦૧. ફોન : 98253 76396. ★ E-mail : farooqsaptahik@gmail.com

# અજમેર શરીફ દરગાહને મંદિર દર્શાવવું ભારતના હૃદય પર ઘા સમાન : JUH

જમીયત ઉલમાએ હિન્દ (JUH)ના અધ્યક્ષ મૌલાના મહમૂદ અસદ મદનીએ તા. ૨–૧૨ ના એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ખ્વાજા ખ્વાજગાન સુલતાનુલ હિન્દ હઝરત મુઈનુદ્દીન ચિશ્તી અજમેરી (રહમતુલ્લાહ અલયહે)ની દરગાહને શિવ મંદિર દર્શાવવું ભારતના હૃદય પર ઘા સમાન છે. મૌલાનાએ કહ્યું કે દેશભરમાં મસ્જિદોના સંદર્ભમાં પ્રવર્તતી અરાજકતા પર તાત્કાલિક રોક લગાવી જોઈએ. આ સંબંધે ઉત્તરકાશી (ઉત્તરાખંડ)ની જામ્આ મસ્જિદ વિરૂધ્ધ અભિયાન અને સ્થાનિક પ્રશાસન દ્વારા કોમવાદી તત્વોને પંચાયતની પરવાનગી આપવાની નિંદા કરી છે. તેમણે કહ્યું કે, આવા લોકોને દરેક સ્થળે સરકારોનું રક્ષણ પ્રાપ્ત છે. જેનો પરિણામ દેશમાં અરાજકતા અને ઘૃણાના રૂપે સામે આવી રહ્યો છે. તેમણે કેન્દ્ર સરકાર અને રાજય સરકારો સામે માગ કરી છે કે આવા તત્વોને રક્ષણ આપવાથી દૂર રહે અન્યથા ઈતિહાસ તેમના આ આચરણને કદી માફ નહીં કરે.

અજમેર શરીફ દરગાહ બાબતે મૌલાના મદનીએ કહ્યું કે, જ્યાં સુધી આ દરગાહની વાત છે, આ સંદર્ભે કરવામાં આવેલો દાવો હાસ્યાસ્પદ છે. આવા દાવાને અદાલતે તરત જ ખારિજ કરવું જોઈતું હતું. ખ્વાજા સાહેબ (રહેમતુલ્લાહ અલયહે)ના જીવન પર પ્રકાશ પાડતા મૌલાનાએ કહ્યું કે, હઝરત ખ્વાજા સાહેબ સાંસારિક સુખથી મુક્ત એક ફકીર હતા જેમણે ધરતીના કોઈ ભાગ પર શાસન નથી કર્યું, બલ્કે તેમણે દિલો પર રાજ કર્યું છે. આ કારણે આપ 'સુલ્તાનુલ હિન્દ' કહેવાયા છે. એક હજાર વર્ષથી આપ આ દેશના પ્રતીક છે અને આપનો વ્યક્તિત્વ શાંતિના દૂતના રૂપમાં પ્રચલિત છે. ગરીબો પ્રત્યે તેમના સેવાભાવના કારણે લોકોએ આપને 'ગરીબ નવાઝ'નો ઉપનામ આપ્યો. ખ્વાજા ગરીબ નવાઝના જીવનનો સૌથી મહત્વપૂર્ણ પાસો અમન–શાંતિ, સહિષ્ણુતા અને પ્રાણીઓ પ્રત્યે પ્રેમ છે. માનવીય ભાઈચારો, સમાનતા અને ગરીબો પ્રત્યે સેવાની પરંપરા જે આપે સ્થાપિત કરી છે તે સર્વે ભારતીયોનો સમાન વારસો છે, ચાહે તે કોઈપણ ધર્મ કે સમુદાયના હોય.

ખ્વાજા ગરીબ નવાઝને ત્યાં મુસલમાનો અને બિનમુસ્લિમો વચ્ચે કોઈ ભેદભાવ ન હતો. આપના દ્વાર જે રીતે મુસલમાનો માટે ખુલ્લા હતા તે જ રીતે બિનમુસ્લિમો માટે પણ ખુલ્લા હતા અને કોઈપણ ભેદભાવ વગર પોતાના પ્રેમથી હૃદયમાં ગરમી અને મગજમાં તાજગી ભરતા હતા. ભારતના મહાન વિચારક તથા પ્રથમ ગવર્નર જનરલ સી. રાજગોપાલ આચાર્યે દરગાહની ઝિયારતના અવસર પર કહ્યું હતું કે, આપે (ગરીબ નવાઝે) મહાન ચરિત્ર, પ્રેમભાવ અને કરૂણાની ભાષામાં એ ઢબે લોકો સાથે વાત કરી કે તેમનો હૃદય પરિવર્તન થઈ ગયો. મહાત્મા ગાંધીએ ૧૯૨૨માં પોતાની અજમેર શરીફની યાત્રા દરમ્યાન કહ્યું હતું કે, ખ્વાજા સાહેબનો જીવન માનવપ્રેમનો એક ઉજ્જવળ જીવન હતો, સત્ય પ્રચારનો તેમનો પોતાનો મિશન હતો પરંતુ તેનો સમગ્ર જીવન અહિંસાનો ઉપદેશ આપે છે.

### વલ્લાહો અઅ્લમો

- ○ પપ્પા !
- ❑ જી, બેટા !
- ○ આ લોકો મસ્જિદો, દરગાહો નીચે મંદિર શોધી રહ્યા છે કે મત શોધી રહ્યા છે ?
- ❑ વલ્લાહો અઅ્લમો !!

## સંભલના શહીદોને જમીયત દ્વારા રૂા. ૫ લાખની સહાય • પોલીસ રૂકાવટ બની

(ન્યૂઝ ડેસ્ક) જમીયત ઉલમાએ હિન્દ (JUH)એ તા. ૨૮–૧૧ના એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, તાજેતરમાં સંભલમાં પોલીસની નિર્દયતાથી દેશનો અંતઃકરણ કાંપી ઉઠયો છે. JUH આ અમાનવીય કાર્યવાહીને સખ્ત રીતે વખોડે છે અને પીડિતો માટે ન્યાય તથા અટકાયતીઓની મુક્તિની માગ કરે છે. રજબપુર (અમરોહા) ખાતે તાત્કાલિક બોલાવાયેલી મીટિંગમાં JUHના પ્રમુખ મૌલાના મહમૂદ અસદ મદનીએ પીડિતો અને તેમના પરિવારોને મજબૂત સહકારની ખાત્રી આપી છે અને શહીદ થયેલા લોકોના પરિવારજનોને રૂા. ૫ લાખ સહાય તથા ઘાયલોને સારવાર માટે સહકારની જાહેરાત કરી છે. મૌલાનાએ ખાત્રી આપી છે કે JUH અસરગ્રસ્ત પરિવારોનું દુઃખ દૂર કરવા તેમજ તેમની ગરિમા જાળવવા તેમની સાથે ઉભી રહેશે. સંકલિત અને ઝડપી કાર્યવાહી માટે રાહત સમિતિ રચવામાં આવી છે જેમાં સંભલ, અમરોહા, મુરાદાબાદના પ્રતિનિધિઓનું સમાવેશ કરવામાં આવ્યું છે. સમિતિના વડા JUH સંભલના અધ્યક્ષ મૌલાના હાફિઝ શાહિદ રહેશે. પીડિતો અને અટકાયતીઓની મદદને મજબૂત કાનૂની સહાય પૂરી પાડવા માટે કાનૂની સહાય સમિતિ બનાવવામાં આવશે.

મુરાદાબાદ ખાતે TMU હોસ્પિટલ જ્યાં ઘાયલો સારવાર હેઠળ છે JUHના મહામંત્રી મૌલાના હકીમુદ્દીન કાસમીએ પોલીસના અમાનવીય વર્તનની ટીકા કરી હતી. ઘાયલોને ધ્રુજાવવા અને અટકાયતીઓને નિવેદન બદલવા કરાયેલ બળજબરીનો તેમણે સખત વાંધો લીધો હતો અને તે અમલને ગેરકાયદેસર અને અન્યાયી કહ્યું હતું.

JUHનો પ્રતિનિધિમંડળ સહાય કરવા સંભલ પહોંચ્યો ત્યારે પીડિતોને સહાય કરતા પોલીસે તેમને અટકાવ્યા હતા. પોલીસ સાથે પ્રતિનિધિ મંડળની લાંબી દલીલોના અંતે પોલીસે પીડિતોને મળવા દીધા હતા. મૌલાના હકીમુદ્દીને પોલીસને કહ્યું કે, પીડિતોને સહાય કરવી અમારો ધર્મ છે અને તેને રોકવાનો તમને કોઈ અધિકાર નથી.

આ પ્રસંગે મૌલાના કારી શૌકતઅલી, મુફતી અફ્ફાન મન્સૂરપુરી, હાફિઝ મોહમ્મદ શાહિદ, મૌલાના અનસ, કારી યમીન, મૌલાના અબ્દુલગફુર, હાફિઝ દિલદાર, મુફતી અરબાબ, મૌલાના ગયૂર અહમદ કાસમી ઉપસ્થિત રહ્યા હતા.

# પૂજાસ્થળ અધિનિયમ–૧૯૯૧ નું સખ્તાઈપૂર્વક અમલીકરણ જરૂરી : ખડગે

**દલિત, ઓબીસી, માઈનોરીટીઝ, આદિવાસી (DOMA) પરિસંઘ દ્વારા દિલ્હી ખાતે આયોજિત મહાસંમેલનમાં અધ્યક્ષે વક્ફ એક્ટ સુધારા બિલ, EVM દ્વારા મતદાનનો વિરોધ કર્યો * કોંગ્રેસનું નેતૃત્વ જે રીતે મુસ્લિમોને પ્રતાડિત કરતા કટ્ટરવાદીઓ વિરૂધ્ધ અવાજ ઉઠાવે છે તે રીતે ઈન્ડિયાના સાથી પક્ષો અવાજ ઉઠાવે એ જરૂરી : ગ્યાસુદ્દીન શેખ**

(ન્યૂઝ ડેસ્ક)

દલિત, ઓબીસી, માઈનોરીટી અને આદિવાસી પરિસંઘ (DOMA)ના અધ્યક્ષ ડો. ઉદિત રાજના નેજા હેઠળ તા. ૧–૧૨ ના નવી દિલ્હી – રામલીલા મેદાન ખાતે મહાસંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં એક લાખ કરતા વધુની સંખ્યામાં લોકો જોડાયા હતા. સંમેલનને મુખ્યરૂપે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ સંબોધિત કરતા કહ્યું કે, આજે ભારતમાં તમામ જગ્યાઓ ઉપર પુરાતત્વ વિભાગ (ASI)ના લોકો દરેક મસ્જિદો અને દરગાહો પર જઈને અહીંયા પહેલા મંદિર હતું હવે મસ્જિદ કેમ થઈ ગઈ એવું કહી રહ્યા છે. એક–બે નહીં પરંતુ સેંકડો જગ્યાએ અવાજ ઉઠયો છે કે આજે મસ્જિદની નીચે મંદિરના અવશેષો છે. ભારતની







કચ્છના મુસ્લિમ અગ્રણી હાજીજુમા રાયમા ગુજરાતના અન્ય નેતાઓ સાથે મહાસંમેલનમાં મંચસ્થ રહ્યા હતા.

સંસદે ૧૯૯૧માં વર્શીપ એક્ટનો કાયદો બનાવ્યો કે જે ૧૯૪૭માં ધર્મસ્થાનોની યથાસ્થિતિ જાળવવાનું કહે છે. પછી આજે કેમ ખોદકામ કરીને અશાંતિ ઉભી કરવામાં આવી રહી છે. બટેંગે તો કટેંગે ની વાત કરવાવાળા જ આજે સમાજને વહેચી રહ્યા છે અને વહેંચવા વાળા પણ તમે છો અને કાપવા વાળા પણ તમે જ છો.

DOMAના અધ્યક્ષ ડો. ઉદિત રાજે કહ્યું, જેવી રીતે હિન્દુ એન્ડુરમેન્ટ ટ્રસ્ટ હોય છે તેમ કાશી વિશ્વનાથ મંદિર ટ્રસ્ટ છે, જે સરકાર દ્વારા બનાવવામાં આવેલ છે તેવી જ રીતે વકફનું પણ અસ્તિત્વ છે, વકફ કોઈ કોંગ્રેસના સમયથી નથી. સને ૧૯૨૧ માં અંગ્રેજ સરકારે પ્રથમ વખત સર્વે કરાવ્યું હતું કે દેશમાં વકફની કેટલી મિલકત છે. મેં વકફનો મુદ્દો ઉપાડયો ત્યારે મારા કેટલાક સાથી અસહજ થઈ ગયા. RSS અને ભાજપના કેટલાક લોકો અમારી વચ્ચે છે. તેમણે કહ્યું કે જો તમો વકફના મુદ્દા વિશે વાત કરશો તો અમો સંમેલનમાં નહીં આવીએ. તો મેં કહ્યું કે તમારી મરજી તમે ના આવો પરંતુ વકફનો મુદ્દો જોડવામાં આવશે જ અને દલિત, માઈનોરીટી, આદિવાસી અને ઓબીસી એકજુટ થશે અને ૮૫ ટકાને એક કરીને જ જંપીશું. આજે રામલીલા મેદાન ખાતેથી એલાન કરવામાં આવે છે કે ૮૦:૨૦ કરનારાઓને ૮૫:૧૫ દ્વારા જવાબ આપવામાં આવશે. દલિત, ઓબીસી, માઈનોરીટીઝ, આદિવાસીઓની સંખ્યા દેશમાં ૮૫ ટકા છે અને તેઓ અંદરો અંદર એકબીજાના અધિકારોને છીનવી નથી લેતા. જાતિવાદી તેમજ મનુવાદી તાકતો આમને અંદરો અંદર ઝઘડાવતા રહે છે.

કોંગ્રેસ અધ્યક્ષ ખડગેના અંતિમ પ્રવચન પહેલા શ્રી ગ્યાસુદ્દીન શેખ પાસે પ્રવચન કરાવીને DOMAના અધ્યક્ષ ડો. ઉદિત રાજે મંચ પરથી ગ્યાસુદ્દીન શેખને આવકારતાં

**(અનુસંધાન પાના ૩ ઉપર)**

WAY 2 MAP IATA
INTERNATIONAL TOURISM
Xplore / Educate / Enjoy...
હજ એડવાન્સ બુકિંગ 2025
હિલ્ટોન પેકેજ 6,50,000 ₹
ડિલક્ષ પેકેજ 6,00,000 ₹
ડિસેમ્બર ઉમરાહ 2024 ડિલક્ષ પેકેજ બુકિંગ ચાલુ છે
દિવસ ૧૫ ₹85,999/-
દિવસ ૨૦ ₹94,999/-
માંડવી થી માંડવી ★ ભુજ થી ભુજ
રમઝાન ઉમરાહ એડવાન્સ બુકિંગ
પહેલા ૨૦ દિવસ ₹1,20,000/-
છેલ્લા ૨૦ દિવસ ઈદ મદીનામાં ₹1,40,000/-
રમઝાન મહિનો (૩૨–૩૪ દિવસ) ₹1,60,000/- ઈદ મદીનામાં
અમારા તરફથી આપવામાં આવતી કિટ
મોટું બેગ, પાસપોર્ટ બેગ, મુસલ્લો, સ્લીપર બેગ, ઉમરાહની કિતાબ, ૭ દાણાવાળી તસ્બીહ, લોન્ડ્રી, ૫ લી. ઝમઝમ, ૩ ટાઈમ કચ્છી અને ગુજરાતી શુદ્ધ ભોજન, અનુભવી ગાઈડ પુરા સફરમાં સાથે રહેશે.
અમારી સર્વિસીસ
મક્કા અને મદીના શરીફની જીયારતો, મસ્જીદે જુરાનાથી ઉમરાહ, તાઈફની જીયારત સાથે ઉમરાહ, મેદાને બદરની જીયારત
ઉમરાહમાં જતા પહેલા ઉમરાહની તરબીયત અને તમામ અરકાનો તથા સફરની તમામ જાણકારી આપવામાં આવશે
એહમદ મેમણ, ભુજ 99987 07032
પરવેઝ શેખ, ભુજ 81405 85252
મહેબુબ બલોચ, માંડવી 88664 62757
અબ્દુલગની જત, ભુજ 99788 62189
ઈમ્તિયાઝ સમા, ભુજ 99747 59494
મહેમુદશા સૈયદ, ધ્રબ-મુંદરા 81606 01699
સૈયદ હકીમશા, સલાયા 95864 36163
અસલમ સોઢા, નલીયા 91066 02051
હેડ ઓફિસ : શોપ નં. ૩, દિતી આર્કેડ, ભાદરકા હોસ્પિટલ સામે, હોસ્પિટલ રોડ, ભુજ. ઈરફાન મેમણ - ૮૪૬૯૧ ૭૧૯૮૪
માંડવી ઓફિસ : કલવાન રોડ, જોશી રોટીવાલાની ઉપર, માંડવી-કચ્છ. આસીફ તુરીયા - ૮૫૩૦૩ ૫૪૮૮૬

શુધ્ધ દેશી ઘીનો
સ્પે. સાલમપાક
ડ્રાયફ્રુટ મસાલાથી ભરપૂર
૧ કિલો રૂા. ૬૦૦/-
૫૦૦ ગ્રા. રૂા. ૩૦૦/-
૨૫૦ ગ્રા. રૂા. ૧૬૦/-
નોંધાવવાની છેલ્લી તારીખ ૧૨-૧૨-૨૦૨૪, ગુરૂવાર
ડીલિવરી તારીખ ૧૬-૧૨-૨૦૨૪, સોમવાર
ડીલિવરી સમય સવારે ૧૧:૦૦ કલાકે
ડીલિવરી સ્થળ :- નોંધણીના સ્થળે
મેમણ હાજી મુજીબભાઈ : 98793 50496
ગનીભાઈ : 94268 17337
મેમાણ જનરલ સ્ટોર, અન્નપૂર્ણા લોજની બાજુમાં, ભીડ ગેટ, ભુજ-કચ્છ.

અભિનંદન મુબારકબાદી
ડૉ. જુનેદ એમ. બાયડ B.H.M.S.
ફેમિલી ફિઝીશીયન એન્ડ સર્જન
અલ્લાહ તઆલાના ફઝલો કરમથી અમારા ભાઇને ડૉક્ટરની ડિગ્રી પ્રાપ્ત થયેલ છે. તે બદલ ખૂબ ખૂબ અભિનંદન પાઠવીએ છીએ.
અલ્લાહ તઆલા વધુને વધુ કામયાબી અતા ફરમાવે. આમીન.
: લી. શુભેચ્છકો :
ડૉ. અરમાન એમ. બાયડ (ભાઈ) (બાયડ ક્લિનિક–ભુજ)
Er. ફરહાન એમ. બાયડ (ભાઈ)
મોહંમદ અરસલાન ડૉ. અરમાન બાયડ (ભત્રીજા)
મોહંમદ ખાલીદ ડૉ. અરમાન બાયડ (ભત્રીજા)
ભુજ–કચ્છ.

**તમારામાંથી જે કોઈ બુરાઈ જુએ તેને હાથથી બદલાવે (અટકાવે), જો તેમ નથી કરી શકતો તો જીભથી કરે, જો તેમ નથી કરી શકતો તો પોતાના હૃદયથી કરે (હૃદયથી અણગમો વ્યક્ત કરે) જે ઈમાનનો સૌથી નબળો સ્તર છે.**

**– હઝરત મુહમ્મદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ**

## ફારૂક સાપ્તાહિક
### તંત્રી સ્થાનેથી...

# અયોધ્યાથી અજમેર સુધી

આજે 6 ડિસેમ્બર 2024 છે. આજથી 32 વર્ષ પહેલા 6 ડિસેમ્બર 1992 ના અયોધ્યા ખાતે ભાજપની રામ જન્મભૂમિ ચળવળ હેઠળ બાબરી મસ્જિદ શહીદ કરી દેવાઈ હતી. ભાજપ–સંઘની વિચારસરણીમાં માનનારા ગણત્રીના નેતાઓ–લોકો સિવાય સમગ્ર દેશ માટે આ બનાવ આઘાતજનક હતો. મીડિયાએ આ બનાવને દેશ માટે કાળી ટીલી સમાન રજૂ કર્યો હતો. બાબરી શહાદતથી દેશમાં નફરતનો વાતાવરણ ઉભો થયો. દેશમાં મુંબઈ સહિત ઠેર ઠેર કોમી રમખાણો ફાટી નિકળ્યા. પ્રથમ વખત દેશમાં આતંકવાદી આક્રમણ થયો. 1993ના બોમ્બ વિસ્ફોટથી દેશની આર્થિક રાજધાની મુંબઈ ધણ–ધણી ઉઠી. આ ઘટનાક્રમે દેશનો રાજકીય સીનારિયો બદલી નાખ્યો. લાલકૃષ્ણ આડવાણી ભાજપ હિન્દુત્વનો ચહેરો બની ગયા ત્યારબાદ 2002 માં સાબરમતી એક્સપ્રેસના S-6 કમ્પાર્ટમેન્ટમાં કારસેવકો પર ગોધરામાં આક્રમણ જેમાં 59 લોકોની હત્યા થઈ. ત્યારબાદ ગુજરાતના રમખાણો થયા, તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીની લોકપ્રિયતા અને અત્યાર સુધીનો રાજકીય સફર આપણી સામે છે.

ભાજપની સ્થાપના 1980 માં થઈ, 1984 ની લોકસભામાં ભાજપને માત્ર બે બેઠક પ્રાપ્ત થઈ હતી. ભાજપે રામમંદિર જન્મભૂમિ ચળવળ ઉપાડી. રથયાત્રાઓ યોજાઈ, હિન્દુત્વનો મુદ્દો ભાજપને ફળ્યો 1989માં ભાજપને 85 બેઠકો મળી અને 1996 માં અટલ બિહારી બાજપેયી 13 દિવસ માટે ભારતના પ્રથમ ભાજપી વડાપ્રધાન બન્યા. 1998માં NDAની રચના થઈ. એક સમયે પોતાને સેક્યુલર કહેતી પાર્ટીઓ ભાજપથી અંતર બનાવી રાખતી. મુસ્લિમ રાજકારણીઓ પણ ભાજપમાં જોડાવાને છોછ સમજતા હતા તેથી બહુ ઓછા મુસ્લિમો ભાજપમાં જોડાતા. સામાજિક – ધાર્મિક ક્ષેત્રે પ્રતિષ્ઠા ધરાવતા મુસ્લિમ નેતાઓ ભાજપની તરફદારી ખુલ્લી કે છૂપી રીતે કરતા ન હતા.

જેમ જેમ સમય પસાર થતો ગયો સેક્યુલર હોવાની દાવેદાર પાર્ટીઓએ પોતાનો રાજકીય લાભ ભાજપની ભાઈબંધી (NDA)માં જોયું અને તેઓ સત્તામાં ભાગીદાર બનતા ગયા. ભાજપના પગલે કોંગ્રેસે પણ સોફ્ટ હિન્દુત્વ અપનાવ્યું. મુસ્લિમ રાજકારણીઓએ પણ ભાજપની તાબેદારીમાં પોતાનો વ્યક્તિગત સ્વાર્થ જોયું અને તેઓ ભાજપ સાથે જોડાતા ગયા. સેક્યુલર પાર્ટીઓના પક્ષહિત અને મુસ્લિમ નેતાઓનાં વ્યક્તિગત હિતના લીધે સ્થિતિ એ છે કે આજે હિન્દુત્વવાદી લોકોનું દાવો અયોધ્યાથી છેક અજમેર શરીફની દરગાહ સુધી પહોંચ્યો છે.

ખ્વાજા ગરીબ નવાઝ મુઈનુદ્દીન ચિશ્તી રહમતુલ્લાહ અલયહેનો જન્મ ઈ.સ. 1143 માં થયો છે. આપનો વિસાલ હિ.સ. 1236 માં થયો છે. ખ્વાજા ગરીબ નવાઝને અતાએ રસૂલ પણ કહેવામાં આવે છે. હઝરતે જ્યારે મદીના મુનવ્વરામાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના રોઝા મુબારક પર હાજરી આપી હતી ત્યારે તેમને ઈલ્હામ (દિવ્ય નિર્દેશ) વડે હિન્દુસ્તાન (અજમેર) જવાનો આદેશ થયો હતો. આપ જ્યારે લાહોર, દિલ્હી થઈ અજમેર તશરીફ લાવ્યા ત્યારે અજમેરમાં પૃથ્વીરાજસિંહ ચૌહાણનું શાસન હતું. આપના પ્રેમાળ સ્વભાવ અને રૂહાની ફૈઝ વડે હિન્દુસ્તાનમાં ઈસ્લામના અનુયાયીઓ વધતા ગયા જે બાબતે તત્કાલીન શક્તિશાળી શાસક સાથે ટકરાવ થયો છતાં આપે પોતાનો મિશન જારી રાખ્યો. ખ્વાજા ગરીબ નવાઝના ઈતિહાસથી સૌ પરીચિત છે. આપના દરબારમાં સર્વધર્મના લોકો આવે છે. વિસાલ બાદ પણ ઉપમહાદ્વીપના લોકોનાં હૃદયોમાં આપનો આદરણીય સ્થાન છે. આપની દરગાહની ઝિયારત પર આજે પણ તમામ ધર્મના લોકો આવે છે જે બાબતનું ધ્યાન આજે પણ વ્યવસ્થાપકો દ્વારા રાખવામાં આવે છે અને દરગાહ સંકુલમાં સદીઓથી ચાલતા લંગરમાં ક્યારે પણ કોઈ માંસાહારી વાનગી રાંધવા–પિરસવામાં નથી આવતી જેથી શાકાહારી ભાઈઓ પણ ન્યાઝનો લાભ લઈ શકે.

હઝરત ખ્વાજા સાહેબની પ્રેરણાત્મક મુબારક સીરત આપણી સામે છે, જો ખ્વાજા ગરીબ નવાઝે ઊંચ–નીચ, ભેદભાવભર્યા વાતાવરણ વચ્ચે માનવ સમાજનો બહોળો હિત ત્યજીને વ્યક્તિગત હિતને અગ્રતા આપી હોત તો તેઓ શાનદાર મહેલના મહેમાન બન્યા હોત પરંતુ ખ્વાજા સાહેબે ફકીરી જીવન ધારણ કર્યું અને સર્જનહાર દ્વારા અપાયેલ મકસદને પૂરો પાડ્યો.

આજે લઘુમતીઓના હિતો માટે, ભારતના બંધારણના રક્ષણ માટે અનેક હિન્દુ નેતાઓ, કર્મશીલો, પત્રકારો શાસન સામે ટકરાઈ જોખમ વહોરી રહ્યા છે. આ લડતમાં કેટલાક મુસ્લિમ નેતાઓ, મુસ્લિમ સંગઠનો પણ છે છતાં મુસ્લિમોના એક વર્ગનો ફક્ત પોતાના વ્યક્તિગત, આર્થિક હિત માટે એ વિચારધારાના વાહકોની પડખે ઉભો છે જેમના રાજકારણનો પાયો જ મુસ્લિમોને રંજાડવા પર પડેલા છે તેમને – તેમના મુસ્લિમ સમર્થકોને મુસ્લિમ સામાજિક – ધાર્મિક કાર્યક્રમોમાં સ્થાન અપાતું હોય તો મુસ્લિમોનું સામાજિક હિત કેમ સધાઈ શકે ? અલ્લાહની મદદ કઈ રીતે મળી શકે ? મુસ્લિમ રાજકારણીઓની આ સ્વાર્થી નીતિના કારણે જ આજે મામલો અયોધ્યા થી અજમેર સુધી પહોંચ્યો છે, બંધારણ દ્વારા આપવામાં આવેલ લઘુમતીઓને અધિકારો, શિક્ષણ સંસ્થાઓ, સ્કોલરશિપ, મદરસા, વકફ મિલ્કતો નફરતી રાજકારણ અને ગોદી મીડિયાના લીધે વિવાદોમાં સપડાયેલ છે. સમય આવી ગયો છે કે રાજકીય – બિનરાજકીય મુસ્લિમ નેતૃત્વ અલ્લાહ પર તવક્કલ રાખે અને વ્યક્તિગત હિતો જતા કરે, બહોળા સામાજિક હિતોને અગ્રતા આપે નહિંતર એ રેલો એક દિવસ મુસ્લિમોની નાગરિકતા સામે પણ પ્રશ્નો ઉભા કરશે.

---

## શરઈ અહકામ
**(કુર્આન શરીફ અને અહાદીસે મુબારકાની રોશનીમાં)**
**સંકલન : હસીનાબેન એ. મારા (B.Sc., B.Ed.), ભુજ–કચ્છ.**

# ગુસલ

**(ગતાંકથી ચાલુ)**

નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમએ સંપૂર્ણ શરીરને ધોવાનો હુકમ આપ્યો છે, મસહ (સ્પર્શ) કરવાનો નહિ. અહીં નોંધનીય છે કે સંપૂર્ણ શરીર પરથી પાણી વહેવડાવ્યો અને જો કોઈ જગ્યા એવી રહી ગઈ કે જેના પરથી પાણી વહ્યું નહિં માત્ર હાથ ફેરવી દીધો એટલે કે મસહ (સ્પર્શ) કરી લીધો તો ગુસલ નહિં થાય, આથી કેટલીક બાબતોની કાળજી લેવી અનિવાર્ય છે. જેમકે કાનની પાછળ વાળ આવી જાય છે, એમાંય કોળા વાળ. તો આવી જગ્યાએ ચામડી સુકી રહી જાય છે, પાણીનું શોષણ થતું નથી અને તે ભાગ પરથી પાણી વહી શકતું નથી માત્ર ભીનો હાથ ફેરવીને મસહ (સ્પર્શ) થાય છે. એ જ રીતે કાનની અંદરની તરફ જે ભાગ બાહ્ય નજરે પડે છે (છેક પડદા સુધી નહિં) જો ઉપરથી પાણી વહેવડાવશો તો કાનની રચના એવા પ્રકારની છે કે દરેક ભાગ પરથી પાણી વહી શકતો નથી, માત્ર આંગળી ફેરવીને મસહ (સ્પર્શ) થાય છે, આમ ગુસલ પૂર્ણ થતું નથી, આથી કાનને સહેજ આડો કરીને તેમાં પાણી નાખવો જોઈએ, જેથી કાનની અંદરની બધી જ સપાટીઓ પરથી પાણી વહી જાય.

એ જ રીતે ગળાનો આગળનો ભાગ ચહેરાની નીચે જ્યાં નીચલો જડબો જોડાય છે જો ચહેરો સહેજ નીચો હોય તો ગળાના એ ભાગ સુધી પાણી પહોંચતો નથી. આથી ડોક ઊંચી કરીને એ ભાગ પરથી પાણી વહેવડાવવું જરૂરી છે.

એ જ રીતે ઉપરથી પાણી રેડતા રહો તો બગલ નીચે પાણી વહેશે નહિં, જ્યાં સુધી હાથ ઊંચો કરીને ધોવામાં ન આવે. શાવરમાં નહાતા સમયે પણ આ બાબતની કાળજી લેવામાં આવે અન્યથા બગલ નીચે પાણી પહોંચશે નહિં માત્ર મસહ (સ્પર્શ) થશે અને ગુસલ થશે નહિં. કેટલાક લોકોની નાભી સહેજ ઊંડી હોય છે જેટલો ભાગ બાહ્ય રીતે દેખાય છે તેના પર પાણી વહેવું જરૂરી છે. તે જ રીતે બેસીને નહાતા સમયે ઘૂંટણની નીચેનો ભાગ કોરો રહી જવાની શક્યતા છે. આથી પગને આડો કરીને ઘૂંટણની નીચેના ભાગ પર પાણી વહેવડાવવું જોઈએ નહીંતો માત્ર મસહ (સ્પર્શ) થશે, ગુસલ નહિં થાય.

બેઠા બેઠા નહાતા સમયે એ દરેક સ્થળ કે જ્યાં સાંધાના કારણે ચામડી વળી જાય છે અથવા ચરબીના કારણે ચામડીમાં સળ પડી જાય છે એ દરેક ભાગ પરથી ખૂબ કાળજીપૂર્વક પાણી વહેવડાવવું જરૂરી છે. જો માત્ર ભીનો હાથ ફેરવી લીધો તો મસહ (સ્પર્શ) થશે અને ગુસલ અદા થશે નહિં.

કેટલાક લોકો ગુસલ કરવાથી પહેલા વુઝૂ કરતા નથી પરંતુ ગુસલ કરી લીધા બાદ વુઝૂ કરે છે. આ રીતે કરવું ખિલાફે સુન્નત છે. જો કે તેમનો વુઝૂ થઈ જશે પણ સુન્નત રીત એ જ છે કે ગુસલથી પહેલા વુઝૂ કરવું, જેવું કે નમાઝ માટે વુઝૂ કરે છે. કોઈ વ્યક્તિ બીમાર છે અથવા માથામાં ઝખમ છે એવા સમયે ગુસલ કરવા માટે માથા પરથી પાણી વહેવડાવવું તેના માટે ઈજાનું કારણ બની શકે છે. આવી પરિસ્થિતિમાં ફૂકહા એ ઈઝામ જણાવે છે કે ગરદનથી નીચેનો સંપૂર્ણ ધડ ધોઈ લે અને ભીના હાથ વડે આખા માથાનો મસહ (સ્પર્શ) કરી લે તેનો ગુસલ સંપૂર્ણ થઈ જશે અને પછી જ્યારે સ્વાસ્થ્ય સુધરે તો માથાને ધોઈ લે આ રીતે તેનો ગુસલ થઈ જશે.

કેટલીક મહિલાઓ ઝરી કે કુમકુમનો ઉપયોગ કરે છે અને તેને વાળમાં લગાડે છે. જે બે પ્રકારના હોય છે. બારિક પાવડર જે સ્તર બનાવતું નથી, પરંતુ કેટલાક સ્ટીકર (સ્ટાર) સ્વરૂપે વાળ, ગાલ, હાથ વગેરે પર લગાડે છે જે સ્તર ધરાવે છે. એ જ રીતે આંખના પાંપણ ઉપર પણ લગાડે છે જે લગભગ પાવડર સ્વરૂપના હોય છે અને પાણીને ચામડી સુધી પહોંચતા અટકાવતા નથી, પરંતુ જે સ્ટીકર (ટેટુ) સ્તર ધરાવે છે તે પાણીને ચામડી સુધી પહોંચવા દેતા નથી. ગુસલ કરતા સમયે પ્રથમ તેને દૂર કરવા જરૂરી છે.


આજ રીતે હોઠ પર લિપસ્ટિક અને નખ પર નેઈલપોલીશ લગાડેલી હોય અને ગુસલ વાજીબ થાય તો આને પણ દૂર કરવી જરૂરી છે કારણ કે આખા શરીરને ધોવું ફરજ છે. નેઈલપોલીશ અને કેટલીક લિપસ્ટિક સ્તર ધરાવે છે અને ચામડી પર એક પડ બનાવે છે જે પાણીને ચામડી સુધી પહોંચતા અટકાવે છે, આથી તેને દૂર કરવું ફરજ છે. જો દૂર કર્યા વિના ગુસલ કરી લીધું તો ગુસલ થશે નહિં અને તે હાલતે જનાબતમાં જ ગણાશે. આ પરિસ્થિતિમાં તેની નમાઝ પણ નહિં થાય.

**(ક્રમશઃ)**

---

## અબડાસાના મુસ્લિમ અગ્રણીનું અવસાન

(ન્યૂઝ ડેસ્ક) ખીરસરા (વિં)., તા. અબડાસાના માજી સરપંચ હિંગોરા હાજીમુસા હાજીસુમારનું તા. ૨–૧૨ના ૮૧ વર્ષની વયે અચાનક નિધન થયેલ છે.



તેઓ 1981-1986 માં ખીરસરા (વિં.) ગામના સરપંચ પદે સેવા આપી હતી તેમજ 1996-2001 સુધી ફરીથી ગામના ઉપસરપંચ પદ પર સેવા આપી હતી. તેઓ દરેક બાબતે આરોગ્ય, શિક્ષણ તેમજ માનવસેવાના તમામ કાર્યો સાથે જોડાયેલા હતા.

મર્હૂમ એક ઉમદા અને નિખાલસ સ્વભાવ ધરાવતા સજ્જન વ્યક્તિ હતા. તેઓના અવસાનના સમાચાર મળતા ખીરસરા, વિંઝાણ, સાંધાણ, નાનાવાડા, ધનાવાડા, ગઢવાડા, હાજાપર, મિયાણી, નાગોર, વરાડીયા, બકાલીવાંઢ, આમરવાંઢ, સિરૂવાંઢ, નુંધાતળ, રેલડીયા મંજલ, નારાયણપર, રાયધણજર, ચીયાસર, ડુમરા, છછી, લઠેડી, ધોવાઈ સહિતના ગામડાઓનાં લોકો તેમના જનાઝામાં હાજરી આપી હતી. તેમના અવસાન સમાચાર મળતા કચ્છનાં નામાંકિત સામાજિક – રાજકીય અગ્રણીઓએ તેમના પુત્ર હાજીરઝાક હિંગોરાને ફોન કરી શોક વ્યક્ત કર્યું હતું.

## ભુજ શહેર ખલીફા સમાજના પૂર્વ પ્રમુખનું અવસાન

(ન્યૂઝ ડેસ્ક) અખિલ કચ્છ ખલીફા સમાજમાં સૌપ્રથમ એડવોકેટની ડીગ્રી મેળવનાર તથા સમાજના હમદર્દ એવા ખલીફા અલીમોહંમદ હારૂનનું તા. ૨૬–૧૧ના અવસાન થતાં સમાજમાં શોકની લાગણી વ્યાપી છે.



મર્હૂમ કચ્છ વકફ બોર્ડના ૧૦ વર્ષ સુધી સભ્ય હતા અને ભુજ શહેર ખલીફા સમાજના પ્રમુખ પદ સંભાળ્યું હતું અને R.T.O. એજન્ટ તરીકે વર્ષો થી ઈમાનદારીથી કામ કર્યું. સમાજમાં કોઈપણ કામ હોય ખડે પગે ઉભા રહીને કામ કરતા, હર હંમેશા સેવાઓ આપતા હતા.

## મુસ્લિમ સમાજની લાગણી દુભાવનારાઓ સામે પગલા ભરવાની રજૂઆત

(ન્યૂઝ ડેસ્ક)

સામાજિક કાર્યકર તથા RTI એક્ટિવિસ્ટ ઈરફાન હાજીઈબ્રાહીમ હાલેપોત્રાએ કચ્છ બોર્ડર રેન્જના IGશ્રીને લેખિત રજૂઆત કરી છે કે, નિલેશ ગોરીયા દ્વારા પોસ્ટ બનાવવામાં આવેલ અને ભુજ તાલુકાના કોડકી ગામના કમલેશ રબારી નામની ફેસબૂક ID બનાવી અંદાજિત તા. ૧૦–૭–૨૦૨૪ ના શેર કરવામાં આવેલ પોસ્ટ કે જેમાં મુસ્લિમ સમાજના પવિત્ર ગ્રંથ કુર્આન શરીફની આયતોનું ખોટી રીતે અનુવાદ કરેલ છે અને તેમજ તેના વિશે ખરાબ ટિપ્પણી કરવામાં આવેલ છે. જે સબબ ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે પરંતુ આ બાબતે હજુ સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

આ ફરિયાદની કમલેશ રબારીને જાણ થતા ફરિયાદી મેસેજ મારફતે ધાક–ધમકી કરેલ અને ધાર્મિક લાગણીને ઠેંસ પહોંચે તેવી રીલ ફરિયાદીને મોકલેલ છે.

શ્રી હાલેપોત્રાએ કહ્યું છે કે, આ શખ્સો વિરૂધ્ધ અગાઉ પણ અનેક ફરિયાદો થયેલ છે, પરંતુ ગમે તે કારણોસર પોલીસ અધિકારી / કર્મચારી દ્વારા કોઈપણ કામગીરી હાથ ધરવામાં આવેલ નથી.

આ શખ્સ વિરૂધ્ધ તેમને ધાક–ધમકી મળવા સબબ સત્વરે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે તેવી ફરિયાદી હાલેપોત્રાએ રજૂઆત કરી છે.

## સુન્ની દાવતે ઈસલામી કચ્છ દ્વારા ગાંધીધામમાં રાશન કિટ વિતરણ



(ન્યૂઝ ડેસ્ક)

સુન્ની દાવતે ઈસ્લામી કચ્છ દ્વારા નવી સુંદરપુરી વિસ્તારમાં વિધવા – જરૂરતમંદ બહેનોને રાશન કિટ વિતરણ કરવામાં આવી.

આ પ્રસંગે હુસૈની એકતા કમિટીના પ્રમુખ લતીફ ખલીફા સાથે હાસમીન હાજીસિદ્દીક, ઉસ્માન ગની, કાસમભાઈ, હાફીઝ સજ્જાદ નૂરી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

આદિપુર, અંજાર, ગાંધીધામના અલગ અલગ વિસ્તારોમાં બહેનોને રાશન કિટ વિતરણ કરવામાં આવી. આ નેક કાર્યમાં જે લોકોને મદદ કરવી હોય તેઓ સુન્ની દાવતે ઈસ્લામી કચ્છ ઉસ્માન ગની નૂરી મથડા (70165 66212)નો સંપર્ક કરી શકે છે.

## ગાંધીધામ મામલતદાર કચેરીએ R.O. પ્લાન્ટ ભેટ અપાયો



(ન્યૂઝ ડેસ્ક)

ગાંધીધામ મામલતદાર કચેરીમાં રોજ મોટી સંખ્યામાં અરજદારો પોતાનો કામ કરવા માટે આવતા હોય છે જેના કે રાશન કાર્ડ, આધાર કાર્ડ અથવા આવકના દાખલા, જાતિના દાખલા વગેરે કામ માટે આવતા હોય છે. ત્યારે અરજદારોને ફિલ્ટર પીવાનો પાણી મળી રહે તે માટે R.O. પ્લાન્ટ લગાવવામાં આવેલ.

ઈન્ડિયન સોશ્યલ સર્વિસ કમ્યુનિટીના પ્રમુખ અંબેઝ યેશુદાસ દ્વારા ગાંધીધામ મામલતદાર કચેરીને R.O. વોટર ફિલ્ટર પ્લાન્ટ ભેટ અપાયો છે જેથી અરજદારોને પીવાના શુધ્ધ પાણીની સવલત મળી રહે.

ગાંધીધામ મામલતદાર જાવેદભાઈ સિન્ધીએ સંસ્થાનું આભાર વ્યક્ત કર્યો હતો. સામાજિક કાર્યકર લતીફ ખલીફા, નાયબ મામલતદાર અરવિંદ વાવીયા, યુરીભાઈ ફર્નાન્ડીસ, સાઈ કુમાર, પ્રવીણભાઈ, ટાઈટસભાઈ, રાજેશભાઈ, પ્રભાકરભાઈ, મનોહરભાઈ, ભાવેશભાઈ, રમેશ સથવારા, ગીરીશભાઈ, કનુ મહેશ્વરી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## ઈબાદત સપ્તાહ

| તારીખ | સૂર્યોદય | સૂર્યાસ્ત | ઝવાલ | અસર | સહેરી | ઈફતાર |
|---|---|---|---|---|---|---|
| ૦૯–૧૨–૨૪ | ૭–૨૪ | ૬–૦૮ | ૧૨–૪૬ | ૪–૩૦ | ૫–૫૫ | ૬–૧૨ |
| ૧૦–૧૨–૨૪ | ૭–૨૫ | ૬–૦૮ | ૧૨–૪૬ | ૪–૩૦ | ૫–૫૬ | ૬–૧૨ |
| ૧૧–૧૨–૨૪ | ૭–૨૫ | ૬–૦૯ | ૧૨–૪૭ | ૪–૩૫ | ૫–૫૭ | ૬–૧૩ |
| ૧૨–૧૨–૨૪ | ૭–૨૬ | ૬–૦૯ | ૧૨–૪૭ | ૪–૩૫ | ૫–૫૭ | ૬–૧૩ |
| ૧૩–૧૨–૨૪ | ૭–૨૭ | ૬–૦૯ | ૧૨–૪૮ | ૪–૩૫ | ૫–૫૮ | ૬–૧૩ |
| ૧૪–૧૨–૨૪ | ૭–૨૭ | ૬–૧૦ | ૧૨–૪૮ | ૪–૩૫ | ૫–૫૮ | ૬–૧૪ |
| ૧૫–૧૨–૨૪ | ૭–૨૮ | ૬–૧૦ | ૧૨–૪૯ | ૪–૩૫ | ૫–૫૯ | ૬–૧૪ |


**બાજુમાં દર્શાવેલ સમય ભુજ-માંડવી માટે છે.**

કચ્છના અન્ય શહેરો માટે નીચે પ્રમાણે મિનિટો વધ-ઘટ કરવી
મુંદ્રા માટે ૨ મિનિટ બાદ કરવી
અંજાર માટે ૩ મિનિટ બાદ કરવી
ભચાઉ માટે ૩:૩૦ મિનિટ બાદ કરવી
ભચાઉ માટે ૫ મિનિટ બાદ કરવી
રાપર માટે ૬ મિનિટ બાદ કરવી
નખત્રાણા માટે ૨ મિનિટ ઉમેરવી
નલિયા માટે ૩ મિનિટ ઉમેરવી
લખપત માટે ૪ મિનિટ ઉમેરવી

# હાજીઈસ્માઈલ મંધરા (માસ્તર)નું અવસાન

(ન્યૂઝ ડેસ્ક) હાજીઈસ્માઈલ ઓસમાણ મંધરા (માસ્તર) સાંયરાવાલાનું તા. ૨૮–૧૧ ના મુંદરા ખાતે અવસાન થયેલ છે. તેઓ સાંયરા (કોઠારા), તા. અબડાસા મધ્યે એક ગરીબ કુટુંબમાં જન્મ્યા જ્યાં શિક્ષણનો અભાવ હતો, તે સમયે શિક્ષણ મેળવી શિક્ષક તરીકે કારકિર્દી શરૂ કરેલ.

વર્ષ 1984 થી 1994 સુધી સતત ૧૦ વર્ષ સાંયરા ગામના સરપંચ તરીકે સેવા આપેલ. વર્ષ 2000 થી 2005 સુધી કચ્છ જીલ્લા પંચાયતના સદસ્ય તરીકે રહેલ.



હિન્દુ–મુસ્લિમ એકતાના હિમાયતી અને અનેક શૈક્ષણિક અને સામાજિક કાર્યો કરેલ. કચ્છ મુસ્લિમ મંધરા સમાજના પ્રમુખ હાજીનૂરમામદ હાજીઓસમાણ મંધરા મર્હૂમના નાના ભાઈ થાય છે. મુંદરા મધ્યે તેમનાં જનાઝામાં ઈબ્રાહીમ મંધરા (માજી ધારાસભ્ય), ઈમરાન જત (વિપક્ષી નેતા, મુંદરા નગરપાલિકા), ઈકબાલ મંધરા, ઈબ્રાહીમ હાલેપોત્રા, હેમંત ભટ્ટી, દીપક મંદાણી, યુસુફ સંગાર, હુસૈન તુર્ક, જાવેદ પઠાણ, રિયાઝ ચાકી, ઈશાકભાઈ હિંગોરા (માજી PSI), કાસમભાઈ કક્કલ (ASI), દાઉદ બોલીયા, શબ્બીર કુરેશી, સાદિક રાયમા (એડવોકેટ), અનવરશા બાપુ, શંકર જોષી, ગૌતમ જોષી (નલીયા), રઝાક ચાકી, હાજીસુલેમાન પઢીયાર, સાલેમામદ હાલેપોત્રા, વિજય ગઢવી (માજી PI), હાસમ મંધરા (હરોડા), સાલેમામદ પઢીયાર, સિદ્દીક રાયમા, ડો. હાસમ મંધરા, દાઉદ મેમણ, ફૈઝલ મુતવા (એડવોકેટ) વગેરે હિન્દુ–મુસ્લિમ આગેવાનો જોડાયા હતા.

## યવ્મે અબૂબકર સિદ્દીક (ર.અ.) ૨૫–૧૨ ના

(ન્યૂઝ ડેસ્ક) કચ્છ સુન્ની ચાંદ કમિટીના પ્રમુખ પીર સૈયદ અહમદશા અલહુસૈની અને કચ્છ મુસ્લિમ સમાજ ચાંદ કમિટીના પ્રમુખ મૌલાના હાજીઈલ્યાસ ફલાહી ચિશ્તીએ અલગ અલગ અખબારી યાદીઓમાં જણાવ્યું છે કે, માહે જમાદિલ આખરનો ચાંદ તા. ૩–૧૨, મંગળવારની સાંજે નજર આવતા કારંઈ (ગ્યારવીં) તા. ૧૩–૧૨, શુક્રવારની સાંજે થશે અને યવ્મે અબૂબકર સિદ્દીક રદિયલલાહો અન્હો તા. ૨૫–૧૨, (૨૨ જમાદિલ આખર) બુધવારના થશે.

(પ્રથમ પાનાથી ચાલુ)

**પૂજાસ્થળ અધિનિયમ...**

કહ્યું હતું કે, જે લોકો અહીં દિલ્હીમાં ન કરી શક્યા તે કામ ગ્યાસુદ્દીન શેખે ગુજરાતમાં બેસીને કરી બતાવ્યું છે.

શ્રી ગ્યાસુદ્દીન શેખે પ્રવચનમાં કહ્યું કે, આજે દેશમાં સંવિધાનની ધજ્જીઓ ઉડાડવામાં આવી રહી છે અને ષડયંત્રના ભાગરૂપે લઘુમતી મુસ્લિમ સમાજને પ્રતાડિત કરવાનું કામ કરવામાં આવી રહ્યું છે. સંઘ અને ભાજપના લોકો દ્વારા મુસ્લિમ સમાજને અછૂત બનાવવાનું કામ થઈ રહ્યું છે. ભાજપ દ્વારા મહારાષ્ટ્ર, હરિયાણા, જમ્મુ કશ્મીર અને ઝારખંડની ચૂંટણીઓ જીતવા માટે વકફનો મુદ્દો લાવીને સમગ્ર દેશમાં ધ્રુવીકરણની રાજનીતિ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. સ્વયં પ્રધાનમંત્રી, ગૃહ મંત્રી અને તેમના મુખ્ય મંત્રીઓ દ્વારા દેશમાં ભડકાઉ ભાષણો આપી ધ્રુવીકરણની રાજનીતિ કરી રહ્યા છે.

હું કહીશ કે જ્યારે મુસ્લિમ સમાજને ચારે બાજુથી ઘેરીને પ્રતાડિત કરવામાં આવી રહ્યો છે, મુસ્લિમ સમાજની વાત સાંભળવા કોઈ તૈયાર નથી, ત્યાં સુધી કે સેક્યુલર પાર્ટીઓ પણ મુસ્લિમ સમાજના મત લઈને પણ મુસ્લિમ સમાજ વિશે વાત કરવાથી અંતર રાખે છે. તેમણે કોંગ્રેસના શીર્ષ નેતાઓ શ્રીખડગે, રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધીની જેમ કટ્ટરવાદી સંગઠનો વિરૂધ્ધ અવાજ ઉઠાવવું જોઈએ.

મંચ સંચાલન શ્રી સતિષ કુમાર સાંસી, રાષ્ટ્રીય કોઓર્ડિનેટર પ્રો. રવિ મહિન્દ્રા, રાષ્ટ્રીય મહાસચિવે કર્યું હતું. રેલીના વિશિષ્ટ અતિથિ નેપાળ ના પૂર્વ ઉપ પ્રધાનમંત્રી શ્રી ઉપેન્દ્ર યાદવ, સાંસદ તારિક અનવર, ગુરદીપ સપ્પલ, સાંસદ મનોજ કુમાર, દિલ્હી કોંગ્રેસના પ્રભારી કાઝી નિઝામુદ્દીન, DOMA પરિસંઘના દિલ્હી કોઓર્ડિનેટર એડવોકેટ શાહીદ, હરિયાણાના ધારાસભ્ય મામન ખાન, હરિયાણાના ધારાસભ્ય આફતાબ આલમ, દિલ્હી હજ કમિટીના પૂર્વ ચેરમેન પરવેઝ મિયાંએ સંબોધન કર્યું હતું. મંચ પર ગુજરાતના મુસ્લિમ અગ્રણી હાજીજુમા રાયમા, અનસ સંઘી, સાજીદ વલી સહિત અન્ય લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાતના મુસ્લિમ અગ્રણીઓ રાષ્ટ્રકક્ષાના નેતાઓને મળ્યા

## મુસ્લિમ સમાજની સાંપ્રત સમસ્યાઓની દિલ્હી ખાતે રજૂઆત કરી




તા. ૨૯–૧૧ ના નવી દિલ્હી ખાતે જમિયત ઉલમાએ હિન્દના હેડ ક્વાર્ટર્સ ખાતે પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ, ગુજરાતના રાજકીય અગ્રણી હાજીજુમા રાયમાએ મૌલાના અરશદ મદની સાથે રૂબરૂ મુલાકાત કરી રજૂઆત કરી કે હાલ અનેક ક્ષેત્રે કટ્ટરવાદી, ફાસીવાદી તત્ત્વો મુસ્લિમ સમાજને પ્રતાડિત કરવા અને ઉશ્કેરવાની એક પણ તક છોડતા નથી, મુસ્લિમ ધાર્મિક સ્થળો પાસે DJ ઉપર શૌર્ય ગીતોના નામે ચોક્કસ સમાજની લાગણી દુભાય તેવી ચેષ્ટાઓ કરી રહ્યા છે. પ્રત્યુત્તરમાં શ્રી મદનીએ જણાવ્યું હતું કે કોઈપણ પ્રકારની ઉશ્કેરણી સમયે વિવેક અને સંયમથી કામ લેવા અને હાથમાં કાનૂન કે પથ્થર નહીં પરંતુ મોબાઈલનો કેમેરા તુરંત જ ઓન કરીને ઉશ્કેરણીજનક તમામ ઘટનાઓનું પોતાના મોબાઈલમાં રેકોર્ડિંગ કરી ગુનેહગારોનો પર્દાફાશ કરી તેમની વિરુધ્ધ કાનૂની કાર્યવાહી કરવી જોઈએ.

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના વરિષ્ઠ નેતા CWC સભ્ય, ભૂતપૂર્વ વિદેશ પ્રધાન, સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ સલમાન ખુર્શીદ સાથે રૂબરૂ મુલાકાત કરી આગામી ૧૫ દિવસમાં સુપ્રીમ કોર્ટમાં થનાર સુનાવણી અંગે રજૂઆત કરી હતી જેમાં મુખ્યત્વે (૧) ભડકાઉ ભાષણ, (૨) મોબ લિંચિંગ, (૩) 1991ના પૂજા સ્થળ અધિનિયમ રહ્યા હતા.

હિન્દુત્વના એજન્ડાને પૂર્ણ કરવા માટે કાયદા અને બંધારણનો ભંગ કરવામાં આવી રહ્યો છે જે શરમજનક છે તેવી રજૂઆત અગ્રણીઓએ કરી હતી.

ઉત્તરપ્રદેશના સંભલ અને રાજસ્થાનમાં આવેલ પ્રસિધ્ધ અજમેર શરીફ ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી (રહમતુલ્લાહ અલયહે)ની દરગાહનો સર્વે કરવા બાબતે કટ્ટરપંથી તત્વો દ્વારા નીચલી કોર્ટમાં કરવામાં આવેલ કાર્યવાહી બાબતની સુપ્રીમ કોર્ટની સુનાવણીમાં કાનૂની માર્ગદર્શન અને સાથ સહકાર આપવા વિનંતી કરી હતી.

## પ્રશ્નોત્તરી – ૧૨૧૭




**(૧)** સૂરઃ રહમાનમાં આયત, **"ફબે અય્યે આ'લાએ રબ્બેકુમા તુ કઝ્ઝેબાન"** કેટલા વખત આવેલી છે ?

**(૨)** જંગે ઓહદમાં જખ્મી થયેલા નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમનાં જખ્મોમાંથી નિકળતું લોહી ક્યા સહાબીએ પોતાની જીભથી ચૂસીને સાફ કર્યો અને પછી પી ગયા ?

**(૩)** ભુતાનનાં ચલણનું નામ શું છે ?

**(૪)** ચૂનામાં પાણી નાખવાથી રાસાયણિક પ્રક્રિયા થઈ એમાંથી ક્યો વાયુ નિકળે છે ?

**(૫)** ભારતીય સંવિધાન પ્રમાણે કેટલા વર્ષ સુધીનાં બાળકોને મફત અને અનિવાર્ય શિક્ષણ પ્રાપ્ત કરવાનો અધિકાર છે ?

**પરખ–૧૨૧૫નાં જવાબ :**

(૧) અલ્લાહ પાકે હઝરત સુલૈમાન અલયહિસ્સલામ માટે ફરમાવ્યું, "અમે તેના માટે ઓગળેલા તાંબાનું ઝરણું વહાવ્યું."

(૨) નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમએ ફરમાવ્યું, "મને પાંચ વસ્તુઓ એવી આપવામાં આવી છે જે મારાથી પહેલાં કોઈ નબીને આપવામાં આવી નથી." જે નીચે મુજબ છે : (1) એક મહિનાનાં અંતર સુધી મારો રોફ સ્થાપિત કરવામાં આવ્યો. (2) બધી જ ધરતી મસ્જિદ બનાવી દેવામાં આવી. (3) માલે ગનીમત હલાલ કરવામાં આવ્યો. (4) શફાઅતનો મરતબો આપવામાં આવ્યો. (5) બધા જ માનવીઓ માટે મોકલવામાં આવ્યો છું.

(૩) ઈન્દિરા ગાંધી વડાપ્રધાન પદ પર રહેતાં લોકસભાની ચૂંટણી હારી ગયા હતા.

(૪) જયપુર શહેરનાં સંસ્થાપક સવાઈ રાજા જયસિંહ (બીજા) હતા.

(૫) રાઈન નદીને યુરોપીય વેપારની જીવન રેખા કહેવામાં આવે છે.

**પાંચ સાચા જવાબ આપનાર વાચકો :**

આબેદીન નૂરમોહંમદ જેડા–સિક્કા (જામનગર).

**ચાર સાચા જવાબ આપનાર વાચકો :**

ચાકી ઈમ્તિયાઝ અબ્દુલગની–મથલ.

**નોંધ : Google પર સર્ચ કરવાથી ઘણાં પ્રશ્નોનાં જવાબ મળી શકે તેમ છે. જેથી આપનાં જ્ઞાનમાં વધારો થશે.**

**નોંધ : ઓછામાં ઓછા ત્રણ સાચા જવાબ હશે તેમનાં નામ પ્રસિધ્ધ કરવામાં આવશે.**

**નોંધ : પરખના જવાબ SMS મારફત પણ મોકલી શકાય છે. મોબાઈલ નં. 81415 78692 (ઈસ્માઈલ સોનેજી)**

## મુસાખાનના સવાલ મુફ્તી સાહેબના જવાબ

**પ્રશ્નોના જવાબ સુન્ની હનફી મસલક પ્રમાણે છે**

**સવાલઃ આંખો દુઃખે છે અને તેમાંથી પાણી ચાલુ છે તો શું દુઃખતી આંખમાંથી પાણી નિકળે તો વુઝૂ તુટી જશે કે કેમ ? અને તે પાણીથી કપડું પલીદ ગણાશે ?**

*જવાબઃ દુઃખતી આંખમાંથી નિકળતું પાણી પલીદ છે જ્યાં જ્યાં લાગે ત્યાં ધોવું જરૂરી છે. મઝકુર પાણી નિકળવાથી વુઝૂ તુટી જશે પણ જો રાત–દિવસ પાણી નિકળ્યા જ કરે છે મઝકુર માણસ માઅઝુર ગણાશે તેથી નમાઝ દરમ્યાન પાણી નિકળશે તેથી વુઝૂ તુટશે નહિં. નમાઝ પૂરી થઈ ગઈ તો વુઝૂ પણ ગયું (એટલે કે જે નમાઝ પઢી રહ્યા હતા તે નમાઝ પૂરી થતા આ વુઝૂ પણ તૂટી જશે) અને દરેક નમાઝ માટે બીજું વુઝૂ બનાવવું પડશે.*

**સવાલઃ એક ભાઈ નમાઝની જમાઅતમાં ઊભો છે અને તેનો ગુમડો તુટયો તેમાંથી લોહી અને પરૂ નિકળવાથી તેના કપડાં ખરાબ થયા તેની મઝકુર નમાઝ થઈ કે નહિં અને તેના કપડાં પલીદ ગણાય કે નહિં ?**

*જવાબઃ જો પરૂ અને લોહી એટલું નિકળ્યું કે વહેવા લાગ્યું અને કપડાં અને બદન ઉપર એક દિરહમ જેટલો દાગ થઈ ગયો તો નમાઝીની નમાઝ અને વુઝૂ તુટી જશે અને કપડાં અને બદન પર જ્યાં જ્યાં લોહી, પરૂ લાગેલ છે તેને ધોવો જરૂરી છે. (બહારે શરીઅત)*

**સવાલઃ એક શરઈ ઉઝરવાળાએ સવારના દસ વાગે વુઝૂ કર્યું તો તે વુઝૂથી ઝોહરની નમાઝ પઢી શકે છે ?**

*જવાબઃ શરઈ ઉઝરવાળો તે વુઝૂથી ઝોહરની નમાઝ પઢી શકે છે કારણ કે તેના માટે નાકીસે વુઝૂ (વુઝૂ તોડનારી બાબત) ફર્ઝ નમાઝનો વક્ત ચાલ્યા જવું છે તો હજી નમાઝનો વક્ત ગયો નથી અને બીજો કોઈ હદસ (વુઝૂ તોડનારી બાબત) થયો નથી. (આલમગીરી પેજ–૪૧; ગાયતુલ અવતાર પેજ–૧૪૮)*

**સંકલન : મૌલાના મુસાખાન એમ. પઠાણ**
મુ. પો. દહીંસરા, તા. ભુજ–કચ્છ. મો. : ૯૮૭૯૮ ૪૩૦૧૮

ફીરોઝ ચાકી : Mo. : 99782 21888
તૌસિફ ચાકી : Mo. : 99988 71666
**અમીત ઓપ્ટીકસ**
ફ્રી કોમ્પ્યુટરાઈઝ્ડ આઈ ટેસ્ટીંગ
સસ્તું અને સારૂં
દુકાન નં. ૨, શ્રી પ્રસાદ કોમ્પલેક્ષ, મહેરઅલી ચોક, ભુજ-કચ્છ.
ખાવડા મેસુક ઘરની બાજુમાં, હોસ્પિટલ રોડ, ભુજ.

કચ્છ જીલ્લાના સર્વ પ્રથમ લેટેસ્ટ ટેકનીક પ્લાસ્ટીબેલ રીંગ ખત્ના સુન્નત બાળકોને બેસાડનાર ખત્ના સ્પેશ્યાલિસ્ટ શકીલ શિકારી મૂળ ભુજ કચ્છનાં રહેવાસી
**હેપ્પી કિડ્સ ખત્ના** @sakilshikari
લેટેસ્ટ ટેકનીક પ્લાસ્ટીબેલ રીંગ ખત્ના સુન્નત ભુજ સેન્ટર



શકીલ થૈબા શિકારી Children Circumision
બાળકોની ખત્ના સુન્નત ઝડપી રિકવરી પ્લાસ્ટીબેલ રીંગ લેટેસ્ટ ટેકનીક થી ખત્ના સુન્નત બેસાડી આપવામાં આવશે.
સાંકળવાલા પીર દરગાહ પાસે, ભીડ ચોક, પીર વાલી મસ્જિદની બાજુમાં, ભુજ.
આપના કોઈપણ શહેરમાં ખત્ના (સુન્નત) બેસાડવા માટે એપોઈન્ટમેન્ટ લેવા માટે સંપર્ક કરો : 8320661096.

ડિલક્ષ ઉમરાહ 99000 સફર ૨૧ દિવસ
બજેટ ઉમરાહ 77500 સફર ૧૭ દિવસ
રવાનગી નવેમ્બર ઈન્શાઅલ્લાહ
અમદાવાદ થી અમદાવાદ ડાયરેકટ ફલાઈટ
ડિલક્ષ મદીના હોટલ 200 મીટર અને મક્કા હોટલ 500 મીટર
બજેટમાં મક્કા-મદીનાની હોટલ ૮૦૦ થી ૯૦૦ મીટર
• ઉમરાહ અદાયગી • ઝિયારત • શોપીંગ દરેક જગ્યાએ સાથે • લગેજ બેગ • હેન્ડબેગ • તસ્બીહ • ઉમરાહ ગાઈડ • ૫ લી. ઝમઝમ • અનલિમિટેડ લોન્ડ્રી ફ્રી
ઈરાક-બગદાદ ઝિયારત 95000/- સફર દિવસ 12
ઉમરાહ સાથે ઈરાક ઝિયારત 195000/- સફર દિવસ 27
: વધુ માહિતી અને બુકીંગ માટે સંપર્ક કરો :
**જીલાની ટુર**
ધાયરા પીર દરગાહ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, માંડવી-કચ્છ
સૈયદ પીર ઝૈનુલઆબેદીન જીલાની
ફોન : ૯૯૦૯૮ ૬૬૭૮૬

ઈકબાલભાઈ : ૯૯૦૯૦ ૭૨૫૭૦
**એકતા ફર્નિચર**
વુડન અને સ્ટીલ ફર્નીચરના રીટેલ તેમજ હોલસેલ વેપારી
રૂદ્ર રેસીડેન્સી, રેલ્વે કોર્સીંગ પાસે, એરપોર્ટ રોડ, ભુજ-કચ્છ.

**: નોંધ :**

ફારૂક સાપ્તાહિકમાં આવતી વ્યવસાયિક જાહેરાતોમાં સેવા અને ગુણવત્તાના દાવાઓ વિજ્ઞાપનદાતાઓ દ્વારા થાય છે તેની ખરાઈ વાચકોએ કરવાની રહે છે.

મઝહબી લખાણોની બેઅદબી ન થાય તે અપેક્ષિત છે. – તંત્રી

SINCE : 2000
ફારૂક સાપ્તાહિક
દર શુક્રવારે વ્હોટ્સએપ પર ફારૂક સાપ્તાહિક મેળવવા સંપર્ક કરો :
મુસ્તાકભાઈ સીદી
96629 33957




ગનીભાઈ : ૯૮૨૫૫ ૯૯૪૮૫, ૯૬૬૪૭ ૧૬૫૫૮
હાજી ઉસ્માનગની હુસેન ખલીફા (ગઢશીશાવાલા)
આધુનિક પધ્ધતિથી સ્પ્રે લગાડી પીડા રહિત સુન્નત (ખત્ના) બેસાડનાર
માત્ર એક પટ્ટી દ્વારા ખત્ના કરનાર
હાજી અબ્દુલકરીમ ઉસ્માનગની ખલીફા
૯૮૭૯૦ ૯૨૧૩૫
તાહા હેર આર્ટ
મસ્જિદે તયબાહની બાજુમાં, ગઢશીશા, તા. માંડવી-કચ્છ.

**મુસ્લિમ આશાબા વૃધ્ધ ભોજનાલય ગૃહશાળા ભુજ**
જેમણે ઈમાન રાખી સારા કાર્યો કર્યા તેઓ બાગોના માલીક થશે



આમદભા – ભુજ
હાલનું સરનામું : આમદભાના નિવાસ સ્થાને પોલીસ સ્ટેશન પાછળ, સરપટ નાકા અંદર, ભુજ. ફોન : ૯૯૭૪૮ ૪૩૬૩૨
હાલે ૧૧૦ વૃધ્ધ, મંદ બુધ્ધીના જરૂરતમંદને વિના મૂલ્યે એક ટકની ટીફીન સેવા આપવામાં આવે છે. કામ ઈચ્છુક યુવકોને સહયોગ આપવામાં આવશે.
ગૃહશાળામાં બહેનોને સહકાર આપવામાં આવે છે.
ઝકાત, ખયરાત, હદીયો, લીલ્લાહ ઘઉં, ચોખા, તેલ સ્વીકારવામાં આવે છે. અલ્લાહ એ આપેલ છે તેમાંથી થોડો તેની રાહમાં ખર્ચ કરો.
સુખની તલાશ : આ મુસ્લિમ ગ્રુપ પાસે સખીદાતા ગ્રુપ ઓછો છે. છતાં વૃધ્ધ સંખ્યા ૧૧૦ની રસોઈ બને છે. સાથે (રોટલા, શાક, ભાત) બનાવવા અને પાર્સલ પહોંચાડવા માટે બહેન કામ ઈચ્છુક સંખ્યા ૨૦ને રાહત રોજગાર અપાય છે. આ જુની નીતીઓ થકી ગરીબીને ભગાડી શકીશું. ગ્રુપની આશા : વધુ સખીદાતાઓ જોડાય. દર માસે હિસાબના વધ-ઘટની જાહેરાત આપવામાં આવે છે.
મળવાનો સમય : સવારે ૧૦ થી ૧૧ –વિચારક : આમદભા
સંપર્ક : હારૂનભાઈ ખત્રી : ૯૯૨૫૮ ૫૪૧૭૦ - ડો. શહીદાબેન અરોરા : ૯૭૧૨૪ ૪૯૦૯૦
કાનૂની સલાહકાર : અશોક સી માંકલિયા (એડવોકેટ) : ૯૮૨૫૧ ૬૬૬૦૯.
Bank Name : Indian Bank, Bhuj Branch.
Account Name : Muslim Aashaba Vruddh Bhojnalay And Gruhshala
Account No.: 7326846090 IFSC : IDIB000B044

નામ : નબીલ અહમદ શેખ,
ધોરણ : ૧૦ (અંગ્રેજી માધ્યમ),
શાળા : મુસ્લિમ હાઈસ્કૂલ,
ગામ : ભુજ-કચ્છ.



**છબી** 'છબી' વિભાગમાં વિદ્યાર્થીઓના સ્વહસ્તે દોરેલ ચિત્રો મફત પ્રસિધ્ધ કરવામાં આવે છે. ટપાલ, વ્હોટ્સ એપ નં. 9662933957 કે ઈ-મેઈલ farooqsaptahik@gmail.com દ્વારા ચિત્ર, વિદ્યાર્થીનો ફોટો અને વિગત મોકલી શકાય છે. A-4 સાઈઝના લીટી વગરના કોરા કાગળ પર ચિત્ર દોરવા.

અરેબીક અને ઈન્ડિયન અત્તર, પરફ્યુમ્સ પરફ્યુમ મેકિંગ મટીરીયલ, લોબાન-બખૂર તથા હજ-ઉમરાહ હદીયા માટે ઝમઝમ બોટલ, તસ્બીહ વગેરે આઈટમ્સ મેળવવા માટેનો વિશ્વાસપાત્ર સ્થળ
હરમૈન પરફ્યુમ્સ
હોલસેલ તથા રિટેલ
عطورات حرمين



વોકળા ફળિયા, ભુજ-કચ્છ.
9638900669 harmainperfumes
AL HARAMAIN SWISS ARABIAN Rasasi

# ભુજની શાળાઓમાં હૃદય રોગ જાગૃતિ કાર્યક્રમ યોજાયો






(ન્યૂઝ ડેસ્ક)

તા. ૩૦-૧૧ ધી ભુજ ઈંગ્લિશ સ્કૂલ ટ્રસ્ટ સંચાલિત જૈનાચાર્યશ્રી અજરામર વિદ્યાધામ – ભુજ મધ્યે આરોગ્ય વિષયક હૃદય રોગ નિવારણ જાગૃતિની શરૂઆત જીજ્ઞાસાબેન રાબડીયા દ્વારા પ્રાર્થનાથી કરવામાં આવી. કે. કે. સુપર સ્પેશ્યાલિસ્ટ હોસ્પિટલ ભુજનાં હૃદય રોગના નિષ્ણાંત ડો. મીત ઠક્કર, ડો. જયદત ટેકાણી અને કાર્યક્રમનાં અધ્યક્ષ સંસ્થાના માનદ મંત્રીશ્રી ડો. હીમાંશુ મોરબીયા દ્વારા દીપ પ્રાગટય કરીને કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. ગુ.મા. શાળાના આચાર્ય અનીલગર કે. ગુંસાઈએ મહેમાનોનો પરિચય તથા શાબ્દિક સ્વાગત કર્યું હતું.

સંચાલન શ્રીમતી ચેતનાબેન રાઠોડ, આભારવિધિ ધારાબેન ગોરે કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા અંગ્રેજી માધ્યમનાં આચાર્ય સાજીદ ખોજા તેમજ શાળાનાં સ્ટાફ મિત્રોએ ખૂબ જ સહકાર આપ્યો હતો.

તા. ૨૫-૧૧ નાં વી.ડી. હાઈસ્કૂલ ભુજ મધ્યે હૃદય રોગ નિવારણ જાગૃતિ કાર્યક્રમ યોજાયો જેના મુખ્ય અતિથિ કચ્છ યુનિવર્સિટીના કુલ સચિવ ડો. અનિલ ગોર રહ્યા હતા. શાળાના આચાર્ય બ્રિજેશ ઠક્કરે શાબ્દિક સ્વાગત કર્યું હતું.

સંચાલન શ્રી ઝાલાએ કર્યું હતું, આભાર વિધિ ડો. મનોજે કરી હતી. બન્ને કાર્યક્રમોનું સંકલન એમ. આઈ. બાયડે કર્યું હતું.

# ભુજમાં દાવતે ઈસ્લામી ઈન્ડિયાનો બે દિવસીય ઈજતિમા યોજાયો



(ન્યૂઝ ડેસ્ક)

તા. ૨૩ અને ૨૪ નવેમ્બરના ખારસરા ગ્રાઉન્ડ, ભુજ ખાતે દાવતે ઈસ્લામી ઈન્ડિયા દ્વારા બે દિવસીય સુન્નતોભર્યો ઈજતિમા (ધાર્મિક મહા સંમેલન) યોજાયો જેમાં કચ્છભરમાંથી બહોળી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો ઉપસ્થિત રહ્યા હતા.

મુસ્લિમ સમાજમાં પ્રવર્તતા કુરિવાજો, વ્યસનો અને અન્ય ખરાબીઓને રોકવા અને નેક કાર્યો માટે સમાજમાં જાગૃતિ લાવવા હેતુથી આ દીની કાર્યક્રમ યોજાયો. દાવતે ઈસ્લામી દેશના અલગ-અલગ ગામોમાં આવા નાના મોટા આયોજનો કરતી રહે છે. વિવિધ મુબલ્લીગો (વક્તાઓ) દ્વારા સારા વ્યક્તિત્વ અપનાવવા, દારૂ – અન્ય વ્યસનોથી દૂર રહેવા, મા-બાપનું આજ્ઞાપાલન કરવા, નમાઝ પઢવા, ખુદાનું ઝિક્ર કરવા, માનવીની સેવા કરી ઈન્સાનીયત દાખવવા, સાફ-સફાઈ રાખવા, લડાઈ-ઝગડાઓ અને ગુનાહોથી દૂર રહીને, અમન અને શાંતિ ફેલાવવા અને ખાસ કરીને ખરાબ સંગતોથી દૂર રહીને સારા લોકોની સંગતમાં બેસવાની નસીહત કરી હતી. ઈસ્લામ ધર્મના મહાન પયગમ્બર હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની સીરત મુબારકને અનુસરીને નેક મુસ્લિમ બની સમાજ અને દેશની તરક્કીમાં પોતાનું યોગદાન આપવાની સમજણ અપાઈ હતી.

કચ્છભરમાંથી મુસ્લિમ ધર્મગુરુઓ, ઉલમાએ કિરામ, સાદાતે કિરામ, સામાજિક આગેવાનો અને નવયુવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. બે દિવસ વિવિધ વક્તાઓએ દીની-દુન્યવી જિંદગીમાં કેવા કાર્ય કરવા તેનું વર્ણન કર્યું હતું. અંતે સમૂહમાં દુઆએ ખૈર ગુજારવામાં આવી હતી એવું દાવતે ઈસ્લામીના પ્રતિનિધિ દ્વારા જણાવાયું છે.

# કચ્છી બાંધણી કલાને GIથી મળી આંતરરાષ્ટ્રીય ખ્યાતિ




(ન્યૂઝ ડેસ્ક) કચ્છની સદીઓથી પ્રખ્યાત બાંધણી કલાને ભૌગોલિક સ્થળાંકન (જીઓગ્રાફિકલ ઈન્ડિકેશન – GI)ની માન્યતા મળતા આ પૌરાણિક કલાનું વધુ વિસ્તરણ થશે. નવી દિલ્હી ખાતે કેન્દ્રીય કાપડ મંત્રી ગીરીરાજસિંહ, વિદેશ અને રાજયના કાપડ મંત્રી પવિત્રા માર્ગેરિતા, કાપડ સચિવ શ્રીમતી રચનાબેન શાહ તેમજ GIના ઓફિસર ઉન્નત પી. પંડિત, ડેવલોપમેન્ટ કમિશનર હેન્ડીક્રાફ્ટના શ્રીમતી અમૃત રાજની ઉપસ્થિતિમાં કચ્છી ખત્રી બાંધણી હસ્તકલા એસોસિયેશનના સભ્યો ઈલિયાસ હાજીદાઉદ ખત્રી, અલીમામદ ઓસમાણ ખત્રી અને હૈદરઅલી એ. અરોરાને પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું.

કચ્છી કલા બાંધણી દરેક જ્ઞાતિના શુભ પ્રસંગો તેમજ ફેશન જગતમાં પણ પોતાનું ખૂબ જ અગ્રેસર બનાવેલ છે. આ કલા વિદેશીઓમાં પણ આકર્ષણરૂપ રહી છે. આ કલાને GIની માન્યતા મળે તે માટે કચ્છી ખત્રી બાંધણી હસ્તકલા એસોસિયેશન અને બાંધણી હસ્તકલા વિકાસ ટ્રસ્ટના સભ્યોએ ત્રણ વર્ષ પૂર્વે કેન્દ્ર સરકારના કાપડ મંત્રાલયને દરખાસ્ત મૂકી હતી જેમાં 'કચ્છી બાંધણી' ના નામથી GI માટે ટેક્ષટાઈલ કમિટી મુંબઈના શ્રી રાવત, ડેવલોપમેન્ટ કમિશનર હેન્ડીક્રાફ્ટ ભુજના રવિવીર ચૌધરી તેમજ HPO શેખર શર્માનો ખૂબ જ સારો એવો સહયોગ પ્રાપ્ત થયો હતો સાથે સાથે પંકજ શાહ અને દાદુજી સોઢાનો પણ સહયોગ રહ્યો હતો.

બાંધણી કલાને GI ટેગથી માન્યતા માટે મળેલી દરખાસ્તને ગ્રાહ્ય રાખ્યા પછી કેન્દ્રીય કાપડ મંત્રાલય દ્વારા તેના પ્રમાણપત્ર એનાયત માટે નવી દિલ્હીની ઓબેરોય હોટલ ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

# ''ધ ફ્લાવર્સ ઓફ કચ્છ'' પુસ્તકનું મુંબઈમાં વિમોચન



(ન્યૂઝ ડેસ્ક)

મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ વાસ્તુ સંગ્રહાલય મધ્યે મૂળ કચ્છના કેરા ગામનાં હાલે મુંબઈ રહેતા લેખિકા ડો. મરીયમ ડોસલના પુસ્તક ''ધ ફ્લાવર્સ ઓફ કચ્છ''નું વિમોચન કરવામાં આવ્યું હતું.

લેખિકાના પૂર્વજો મૂળ કેરા ગામનાં હતા. વર્ષ ૨૦૧૪માં તેઓ કચ્છ પ્રવાસે આવ્યા હતા અને કચ્છના વિવિધ ઐતિહાસિક સ્થળોની મુલાકાત કરી હતી. ૪૨૮ પાનાનાં આ દળદાર પુસ્તકમાં કચ્છના લેખકો પુષ્પદાન ગઢવી, ઓસમાણ નોતિયાર (લખપત), દલપત દાણીધારીયા, કીર્તિ ખત્રી, ઉમિયાશંકર અજાણી, અંબાપ્રસાદ ત્રવાડી, નવીન જોશી વગેરેએ માહિતીઓ આપી છે સાથે રણજીતસિંહ જાડેજા દ્વારા લેવામાં આવેલ તસવીરો સમાવિષ્ઠ કરવામાં આવી છે.

આ પુસ્તકમાં ઈ.સ. ૧૭૪૦ થી ૨૦૨૦ સુધી ઐતિહાસિક માહિતી અંગ્રેજી ભાષામાં આપવામાં આવેલ છે.

# પાકિસ્તાનમાં કેદ ભારતીય માછીમારોને મુક્ત કરાવવા સંસદમાં શક્તિસિંહની રજૂઆત

(ન્યૂઝ ડેસ્ક)

ગુજરાતના માછીમારો જે પાકિસ્તાનની કેદમાં બંધ છે એમની ચિંતા કરતો એક પ્રશ્ન તા. ૨૮-૧૧ ના રાજ્યસભામાં સાંસદ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શક્તિસિંહ ગોહિલનો હતો : ગુજરાતના કેટલા માછીમારો પાકિસ્તાનની કેદમાં બંધ છે ? ભારત સરકારે પ્રશ્નના જવાબમાં લેખિતમાં સ્વીકાર્યું છે કે, ૧ જુલાઈ, ૨૦૨૪ના જે યાદી પ્રાપ્ત થઈ છે એ પ્રમાણે ભારતના કુલ ૨૧૧ માછીમારો પાકિસ્તાનની કેદમાં છે અને એમાંથી ૧૩૯ જેટલા ગુજરાતના માછીમારો પાકિસ્તાનની કેદમાં બંધ છે. શ્રી ગોહિલે આ માછીમારોને તાત્કાલિક પાકિસ્તાનની જેલમાંથી છોડાવવા માંગણી કરી હતી અને જણાવ્યું હતું કે, માછીમાર ભૂલથી બોર્ડર ક્રોસ કરીને જાય તો પાકિસ્તાનના કાયદા મુજબ સજા મર્યાદિત છે. એ સજાનો પિરિયડ પૂરો થઈ ગયો હોવા છતાં ત્યાં કેસ ચાલતા નથી, અપીલો ચાલતી નથી, કેન્દ્ર સરકારે કાઉન્સિલર એકસેસ આપીને આવા કેસોનો નિકાલ થાય તેવો પ્રયત્ન કરવો જોઈએ એવી માંગણી વડાપ્રધાન અને વિદેશ મંત્રી પાસે શ્રી ગોહિલે કરી હતી.

શ્રી ગોહિલે જણાવ્યું હતું કે, કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર હતી ત્યારે તત્કાલીન વડાપ્રધાન મનમોહસિંહ અને શ્રીમતી સોનિયા ગાંધીજીને મળીને પાકિસ્તાનની કેદમાં આપણા માછીમાર હોય તો પોતાના ઘર-પરિવાર સાથે સંદેશાવ્યવહાર થઈ શકે એટલા માટે ટપાલ વ્યવહાર ચાલુ કરાવ્યો હતો. માછીમારના ઘર-પરિવારના સારા-નરસા સમાચારો એના સુધી પહોંચે એટલા માટે ટપાલ પાકિસ્તાનની જેલમાં જઈ શકતી હતી અને પાકિસ્તાનમાં રહેલા કેદી પોતાના ઘરના સભ્યોને ટપાલ લખીને પોતાની જે તકલીફો હોય અથવા પોતાની જે પરિસ્થિતિ હોય તેની વાત કરી શકતા હતા. આપણા કેદી પાકિસ્તાનની કેદમાં રહ્યા હોય એને કોઈપણ મુશ્કેલી હોય તે તેની વાત પરિવાર અને સરકાર સુધી પહોંચતી હતી. આ પ્રશ્નના જવાબમાં ભાજપની સરકારે સ્વીકાર્યું છે કે, હવે પાકિસ્તાનની સરકારે આપણા ગુજરાતના કે ભારતના કેદીઓ ત્યાં છે એની સાથે ટપાલ વ્યવહાર બંધ કરી દીધો છે ત્યારે આવો એકતરફી ટપાલ વ્યવહાર બંધ ન થઈ શકે. કેન્દ્ર સરકારે આ અંગે લાલ આંખ કરવી જોઈએ. પાકિસતાનમાં રહેલો ગુજરાતી કે ભારતીય માછીમાર પોતાના ઘર-પરિવાર સાથે સંપર્ક ન કરી શકે એ માનવ અધિકારનો ભંગ છે ત્યારે જરૂર જણાયે આંતરરાષ્ટ્રીય સ્તર પર આ મુદ્દો ઉઠાવવા કેન્દ્ર સરકાર સમક્ષ શક્તિસિંહ ગોહિલે માંગણી કરી હતી.

# સફેદ રણ અને તેના સંલગ્ન વિસ્તાર ખાનગી વાહનો માટે 'પ્રતિબંધિત વિસ્તાર' જાહેર કરાયો

## સફેદ રણમાં ફેરી સર્વિસ માટે વપરાતી ઘોડે સવારી/ઊંટ સવારીનું રજીસ્ટ્રેશન ફરજીયાત

(જીલ્લા માહિતી કચેરી દ્વારા)

કચ્છમાં ભૌગોલિક વૈવિધ્યનો ઉત્તમ ખજાનો જોવા મળે છે જેના લીધે આ જીલ્લો પ્રવાસનની દષ્ટિએ ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે. રાજ્ય સરકારશ્રીના સહયોગથી ગુજરાત પ્રવાસન નિગમ લી. દ્વારા દર વર્ષે ધોરડો ખાતે રણ ઉત્સવનું આયોજન કરવામાં આવે છે જેનો લાભ લેવા માટે દેશ-વિદેશથી પ્રવાસીઓ આવે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ધોરડો ખાતે રણ ઉત્સવનું આયોજન કરવામાં આવેલું છે. રણ ઉત્સવ વિસ્તારમાં આવતા પ્રવાસીઓ જાણતા – અજાણતા રણ વિસ્તારની અંદર પોતાના વાહનો લઈ જતા હોય છે જેના કારણે ઘણીવાર વાહનો ફસાઈ જતા તેમને રેસ્કયુ કરવાની ફરજ પડે છે અને તેના લીધે સફેદ રણની સુંદરતા, સ્વચ્છતા, પર્યાવરણીય પરિસ્થિતિને નુકશાન થાય છે. આ પરિસ્થિતિના નિવારણ માટે અને સફેદ રણની સુંદરતા, સ્વચ્છતા, પર્યાવરણીય પરિસ્થિતિ જાળવી રાખવા માટે સફેદ રણ અને તેને સંલગ્ન વિસ્તાર ખાનગી વાહનો માટે 'પ્રતિબંધિત વિસ્તાર' તરીકે જાહેર કરવો જરૂરી જણાય છે.

જેથી, અમિત અરોરા, જીલ્લા મેજિસ્ટ્રેટ, કચ્છ-ભુજ એ ધોરડો રણ ઉત્સવ વિસ્તાર ખાતે સબરસ બસ સ્ટેશનથી વોચ ટાવર સુધીના વિસ્તારમાં તથા વોચ ટાવરની આસપાસના સફેદ રણ વિસ્તારમાં ખાનગી વાહનોના પ્રવેશ ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મૂક્યો છે.

આ હુકમ / જાહેરનામામાંથી સરકારી ફરજ પરના વાહનો, ફાયર ફાઈટર / ઈમરજન્સી મેડિકલ સર્વિસીસ સંલગ્ન વાહનો, પરવાનગી આપવામાં આવેલા હોય તેવી બસો અને પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ, ભુજ/સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, ભુજ અધિકૃત કરે તેવા વાહનોને મુક્તિ આપવામાં આવશે.

રણ ઉત્સવમાં આવતા પ્રવાસીઓ રણ વિસ્તારમાં ચાલતી ઘોડે સવારી / ઊંટ સવારીનો પણ આનંદ માણતા હોય છે. સ્થાનિક ઘોડે સવારી / ઊંટ સવારીનો પણ આનંદ માણતા હોય છે. સ્થાનિક ઘોડે સવારી / ઊંટ સવારી માલિકો / ચાલકો દ્વારા પ્રવાસીઓને ફેરી સર્વિસ પૂરી પાડવામાં આવે છે જેને ધ્યાને લેતા રણ ઉત્સવમાં સહેલાણીઓના અનુભવને વધુ સુખદ બનાવવા, સલામત પ્રવાસનને વેગ આપવા તથા ઘોડે સવારી / ઊંટ સવારી ફેરી સર્વિસની અમલવારી સારી રીતે થઈ શકે તે માટે ઘોડે સવારી / ઊંટ સવારીનું રજિસ્ટ્રેશન કરાવી તેનું નિયમન કરવું જરૂરી જણાય છે. માટે ધોરડો રણ ઉત્સવ વિસ્તાર ખાતે નિયત સમિતિ પાસે રજિસ્ટ્રેશન કરાવ્યા સિવાય અનઅધિકૃત રીતે ચાલતી ઘોડે સવારી / ઊંટ સવારી ઉપર પ્રતિબંધ મૂક્યો છે.

આ હુકમોનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાત્મક કાર્યવાહીને પાત્ર ઠરશે. આ હુકમોનો અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા માટે હેડ કોન્સ્ટેબલથી નીચેના દરજ્જાના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે. આ જાહેરનામું તા. ૨૭-૧-૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

એ.કે. ફેબ્રીકસ
નમાઝ ટોપી, હાજી રૂમાલ
ઓઢણા સ્કાર્ફ
રૂમાલી



વિમલ સ્ટેશનરી પાસે, સિધ્ધી બુક સ્ટેશનરી સામે, બેઝમેન્ટ,
કચ્છી દશા શ્રીમાળી જૈન વાડી, વાણીયાવાડ, ભુજ-કચ્છ.
ફોન : ૯૪૦૮૪૪૬૯૬૯, ૯૧૦૬૬૯૭૯૩૦, ૯૪૨૬૬૭૮૬૦૬.

હજ્જ – ૨૦૨૫ બુકીંગ ચાલુ છે
રૂા. 7,50,000/-



મક્કા : લી મેરીડીન અલ મુકરીમ (સીમ્લર) ૧૪ દિવસ
મદીના : અબરાજ તાબા, હયા પલાઝા (સીમ્લર) ૮ દિવસ
અઝીઝીયા - ૫ દિવસ, મીના - ૫ દિવસ, અઝીઝીયા - ૫/૬ દિવસ

- ટ્રોલી બેગ
- પાસપોર્ટ બેગ
- એહરામ
- ગાઇડ બુક
- મીના માટે બેગ
- મક્કા-મદીનાની ઝિયારતો
- લોન્ડ્રી ફી
- મોઅલ્લીમ D કેટેગરી
- કુરબાની તેમજ તવાફે ઝિયારત હાજીઓએ પોતાના ખર્ચે (સ્વખર્ચે) કરવાની રહેશે.

: જોઈતા ડોકયુમેન્ટ્સ :

- પાસપોર્ટ
- પાસપોર્ટ સાઇઝ ફોટા-૨
- પાનકાર્ડ
- આધાર કાર્ડ (લિન્ક કરાવેલ હોવું જોઇએ)
- બેન્ક એકાઉન્ટ ડીટેલ

ખાદિમુલ હુજ્જાજ ટુર્સ
SINCE 2006
હજ ✧ ઉમરાહ ✧ ઝિયારત ટુર આયોજક
કે.બી.સી. બંધેજ ઉપર, અનમ રિંગ રોડ, ભુજ-કચ્છ.

એજન્ટ્સ તથા મસ્જિદ મદરસામાં પઢાવતા મૌલાનાઓ દ્વારા પૂછપરછ આવકાર્ય.

હાજી ગફુર ખત્રી, (કે.બી.સી. બંધેજ) ભુજ M:9825993786 મુફીઝુલરહેમાન, ભુજ M:9913840786
મૌલાના હાજી સુલેમાન માંજોઠી, માંડવી M:9925662586
હાજી મોહંમદભાઇ (ન્યુ કે ટેઈલર), ભુજ M:9099053532

દિલી મુબારકબાદ



માંજલીયા હાજી અયુબ ઓસમાણ
પ્રમુખ : સમસ્ત માછીમાર સમાજ ગુજરાત
ફોન : 9726333944.

સમસ્ત માછીમાર સમાજના પ્રમુખ તથા કારોબારી સભ્યોને હાર્દિક શુભેચ્છાઓ. માછીમાર સમાજના સેવાકાર્યો કરતા રહો તેમજ સફળતા પ્રાપ્ત કરતા રહો એવી શુભકામના.

પ્રમુખશ્રી જખૌ બંદર માછીમાર & બોટ એસોસીએશન તેમજ કારોબારી સભ્યો જખૌ - અબડાસા

: લી. શુભેચ્છકો :
એમ. એસ. શેખ (સુરત)
મુજાહીદ નફીશ (અમદાવાદ)
ઉસ્માનગની શેરસીયા (વાંકાનેર)
ઈબ્રાહીમભાઈ તુર્ક (ધ્રબ-મુંદ્રા)
હાજી અબ્દ્રેમાનશા સૈયદ (નલીયા)
રિઝવાન મીરઝા (સુરત)
અબ્દુલગફાર લુહાર (જખૌ)
અલ્લારખા ઈસ્માઈલ (પોરબંદર)

રજી. નં. ઈ-૩૩૫૦/કચ્છ.

મુસ્લિમ શિફા મેડિકલ ટ્રસ્ટ
નવા રેલ્વે સ્ટેશન સામે, ભુજ-કચ્છ. ફોન : ૭૩ ૮૩ ૮૫ ૩૩ ૫૦

તા. ૦૨/૧૨/૨૦૨૪ સુધી મળેલ દાન

| | | |
|---|---|---|
| 1,35,000/- | મુતવા સમાજ | - |
| 50,000/- | મર્હૂમ મીરખાન પી. મુતવા | ગોરેવાલી બન્ની |
| 51,000/- | હાજી ઈબ્રાહીમ હાલેપોત્રા | ભુજ |
| 40,000/- | મસ્જિદ એ ઉમર ફારૂક | ભુજ |
| 1,00,000/- | કુંભાર હાજી હસન સિધીક | રામપર |
| 5,51,000/- | જાફર હાજી આદમ સુમરા | કુમરા |
| 51,000/- | હાલેપોત્રા મુસા હાજી મામદ | રાયધણજર |
| 1,51,000/- | સૈયદ મઝહર અબ્બાસ બાવા | અમદાવાદ |
| 5,000/- | સલીમ હિંગોરા | - |
| 1,00,000/- | કુંભાર હાજી સાલેમામદ દાઉદ પરિવાર | અંજાર |
| 15,000/- | જુસબ રમઝાન હાલેપોત્રા | - |
| 11,000/- | સત્તાર હારૂન હાલેપોત્રા | - |
| 11,000/- | રસૂલખાન પઠાણ | - |
| 5,790/- | મર્હૂમ થૈબા આમદ | ભુજ |
| 1,00,000/- | ચાવડા હાજી હુસૈન ખમીસા | - |
| 5,100/- | સલીમ હાજી જાફર ભજીર | નલીયા |
| 50,000/- | સબીર ઈબ્રાહીમ ખત્રી | અંજાર |
| 11,000/- | મર્હૂમ નૂરમામદ અલ્લાબક્ષ | છારી |

રૂા. ૫,૦૦૦/- થી વધુ દાન આપનાર દાતાઓના નામ 'ફારૂક' સાપ્તાહિકમાં તેમની સહમતી થી પ્રસિધ્ધ કરવામાં આવશે



સોનેજી બ્રધર્સ
(તેરાવાલા)
સોના-ચાંદીના દાગીનાના વેપારી

મેઇન બજાર, નલીયા-કચ્છ.
અબ્બાસ સોનેજી ૯૯૨૫૮ ૧૮૭૮૬
સીરાજ સોનેજી ૯૭૨૫૨ ૨૦૦૯૨
ઘી વાળી શેરી, શરાફ બજાર, ભુજ.
ઈકબાલ સોનેજી ૯૯૨૫૩ ૧૨૨૫૮
ઈર્ષાદ સોનેજી ૯૫૩૭૪ ૨૫૯૯૯

Editor, Printer, Publisher and Owner Yousuf A. Jat, Printed at Elite Printers, Opp. Sumra Deli, Bhuj-Kutch and Published from Maiwali street, Sawaya faliya, Bhuj-Kutch(Gujarat). Mo. : 98253 76396

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક યુસુફ એ. જત; મુદ્રણ સ્થાન : એલાઈટ પ્રિન્ટર્સ, સુમરા ડેલી સામે, ભુજ-કચ્છથી છાપીને માઈવાલી શેરી, સવાયા ફળીયા, ભુજ-કચ્છથી પ્રસિદ્ધ કર્યું. મોબાઈલ : ૯૮૨૫૩ ૭૬૩૯૬, E-Mail : farooqsaptahik@gmail.com